# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ

પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ

ફોન: ૦૨૮૩૨–૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨–૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએએફ/૨૦૧૮/145 તારીખ: 20/10/18

રજી. એ. ડી. દ્વારા

પ્રતિશ્રી,

સરૈયા જગદીશભાઈ આંબાભાઈ,

સર્વે નંબર-૩૮,પૈકી ૨/ પૈકી ૧,

ડ્રીપ ઇરીગેશન,ગામ- કલ્યાણપર,

તા-રાપર, જી – કચ્છ, મોબાઇલ નંબર:- ૯૮૨૫૯ ૬૫૫૭૨

વિષય :– કેસ નંબર પીજી ૦૨/૦૦૫/૨૦૧૮-૧૯

સંદભ:– આપની અરજી નોંધણી નં. પીજી ૦૨/૦૦૫/૨૦૧૮-૧૯

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

(એસ એન વહોનીયા)

કન્વીનર

ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) અધિક્ષક ઈજનેર, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, અંજાર

(૨) કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ

(૩) નાયબ ઈજનેર, પીજીવીસીએલ, પેટાવિભાગીય કચેરી, રાપર

........ ચુકાદાની નકલ સામેલ છે.ગુજરાત વિધુત નિયંત્રણ આયોગ(ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો-૨૦૧૧ જાહેરનામા ક્રમાંક ૨/૨૦૧૧ ની વિનિયમ નં ૨.૫૦ ફોરમે પસાર કરેલ આદેશ પરવાનેદાર અને ફરીયાદીને બંધનકર્તા રહેશે.તેમજ વિનિયમ નં ૨.૫૧ અનુંસાર સદર આદેશનું પાલન આદેશ મળ્યાના ૨૧ દિવસ ની અંદર કરવાનું રહેશે. જે અંગે વિનિયમ નં ૨.૫૨ અનુંસાર ફોરમ અને ફરીયાદીને પાલનની તારીખથી ૭(સાત) દિવસ અંદર ફોરમના આદેશ અંગે પાલન અહેવાલ રજુ કરવો. ફોરમના આદેશનું પાલન ન કરવાની બાબતે વિનિયમોના ભંગ ગણવામાં આવશે અને યોગ્ય ઉપાયાત્મક પગલાં માટે જવાબદાર બનશે જેની નોંધ લેશો.

Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન:- ૦૨૮૩૨-૨૫૩૫૫૦ફેક્સ:- ૦૨૮૩૨-૨૫૦૦૪૮
**E-Mail-** forumbhuj.pgvcl@gebmail.com


નં કેસી/સીજીઆરએફ/૨૦૧૮/ 145 તારીખ: 20/10/18

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં. ૨/૨૦૧૧ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF)પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG-002-005-2018-19.

અરજદાર: શ્રી સરૈયા જગદીશભાઈ આંબાભાઈ,
ગામ: કલ્યાણપર, તા.-રાપર, જી.કચ્છ

રજૂઆત કરનાર: અરજદાર કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

:: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યપાલક ઇજનેરશ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, ભચાઉ
રજૂઆત કરનાર: પીજીવીસીએલના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

:: ફોરમ ::

૧) શ્રી જે.બી. પારેખ, ચેરપર્સન
૨) શ્રીમતી એન એચ જોષી, સ્વતંત્ર મેમ્બર

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હૉલ, પીજીવીસીએલ., વર્તુળ કચેરી, ભુજ.
તારીખ: ૨૮/૦૯/૨૦૧૮

Scanned by CamScanner

## :: અરજદારની રજૂઆત ::

૧.૦ અરજદારશ્રી સરૈયા જગદીશભાઈ આંબાભાઈ ગામ-કલ્યાણપર, તા.-રાપર, જિ.-કચ્છએ છેલ્લા બે વર્ષથી લોડ ઘટાડો કરવા માટેની અરજી કરેલ છે અને મીટર બંધ હોવા છતાં રૂ. ૨૧,૪૬૩/- નું બીલ મળેલ છે. જે બીલ ખોટું છે. તે માટે ગ્રાહક તકરાર સમક્ષ રજૂઆત કરેલ છે.

૧.૧ સદર કેસની લેખિત વિગતો નીચે મુજબ છે.

૧.૨ અરજદારશ્રી સરૈયા જગદીશભાઈ આંબાભાઈ ગામ-કલ્યાણપર, તા.-રાપર, જિ.-કચ્છએ પી.જી.વી.સી.એલ. કચેરીમાં તા.૧૬/૦૮/૨૦૧૬ના રોજ રસીદ નં.૦૭૯૩૮૨ થી રૂ. ૨૦૦/- ભરીને લોડ ઘટાડાની અરજી કરેલ અને ટેસ્ટ રીપોર્ટ પણ ભરેલ છે.

૧.૩ અરજદારશ્રીને અરજી કરેલી અને રૂપિયા ભરેલ હોવા છતાં લોડ ઘટાડો પી.જી.વી.સી.એલ કચેરી દ્વારા આજદિન સુધી કરી આપેલ નથી.

૧.૪ પી.જી.વી.સી.એલ.ની રાપર પેટા વિભાગીય કચેરી દ્વારા અરજદારશ્રીને ૩૨૪૮૩ યુનિટ વપરાશનું બીલ રૂ. ૨૧,૪૬૩/- આપવામાં આવ્યું જે અરજદારશ્રીને શંકા હોતાં ચેક કરાવેલ હતું. જે બીલના રીડીંગ બરાબર હતા.

૧.૫ અરજદારશ્રીએ છેલ્લા ત્રણ વર્ષથી કોઈપણ પ્રકારનો પાક કરેલ નથી અને મોટર પણ ચાલુ કરેલ નથી. તેથી અરજદારશ્રી મીટર લેબોરેટરીમાં મોકલાવવા માટેની અરજી આપવા રાપર પેટા વિભાગીય કચેરીમાં ગયેલ.પરંતુ, રાપર પેટા વિભાગીય કચેરીમાં તેઓશ્રીની અરજી સ્વીકારવામાં આવેલ નહિં.

૧.૬ અરજદારશ્રીને સી.જી.આર.એફ દ્વારા તા.૨૮/૦૯/૨૦૧૮ના હાજર રહેવા જણાવવામાં આવેલ છે. જેમાં તેઓ હાજર રહેલ નહિં.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ સુનાવણી સમયે સામાવાળા પી.જી.વી.સી.એલ, વિભાગીય કચેરી, ભચાઉમાંથી કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

૨.૧ અરજદારશ્રી સરૈયા જગદીશભાઈ આંબાભાઈની લોડ ઘટાડાની અરજી ૨૦૧૬ની સાલમાં કરેલ હોવા છતાં મંજૂર થયેલ નથી.

૨.૨ અરજદારશ્રીની લોડ ઘટાડાની મંજૂરી વિભાગીય કચેરીમાંથી તા. ૨૫/૦૪/૨૦૧૮ના રોજ મળેલ છે. જે તા. ૧૯/૧૦/૨૦૧૬ના રોજથી મંજૂર કરેલ છે.

Scanned by CamScanner

૨.૩ અરજદારશ્રીની વીજમીટરની લેબોરેટરી ખરાઈ અર્થે તા.૦૯/૦૯/૨૦૧૮ના રોજ કબ્જે લીધેલ છે. જેના લેબોરેટરી તપાસણી મુજબ કાર્યવાહી કરવામાં આવેલ.

૨.૪ અરજદારશ્રી સરૈયા જગદીશભાઈ આંબાભાઈ રાપર પેટાવિભાગીય કચેરી ખાતે રૂબરૂ તા. ૨૯/૦૯/૨૦૧૮ના રોજ ગયેલ અને ફરિયાદીની ફરિયાદનું સમાધાન થયેલ છે, જેની સમાધાન પુરશીશ પણ અરજદારશ્રી દ્વારા રાપર પેટાવિભાગીય કચેરીમાં ભરવામાં આવેલ છે.

:: હુકમ ::

3.0 ફરિયાદી કે તેમના પ્રતિનિધિ તા. ૨૮/૦૯/૨૦૧૮ના રોજની બેઠકમાં હાજર રહેલ નહિં કે મુદ્દત મળવા બાબત કોઈ રૂબરૂ કે લેખિત અરજી ફોરમ સમક્ષ કરેલ નહિં.

3.૧ સુનાવણી સમયે રજૂઆત કરનાર તેમજ સામાવાળા તા. ૨૮/૦૯/૨૦૧૮ના રોજની બેઠકમાં હાજર રહેલ નહિં.

3.૨ અરજદારશ્રી સરૈયા જગદીશભાઈ આંબાભાઈ તા. ૨૯/૦૯/૨૦૧૮ના રોજ રાપર પેટાવિભાગીય કચેરીમાં રૂબરૂ જઈ શ્રી એન.પી.મહેતા, નાયબ ઈજનેર, પી.જી.વી.સી.એલ. પેટાવિભાગીય કચેરી રાપર સાથે મળીને રૂબરૂ સમાધાન કરેલ છે. આમ, અરજદારની ફરિયાદનું સમાધાન કરવામાં આવેલ છે, તે સંજોગોમાં ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

(એન. એચ. જોષી)
સ્વતંત્ર મેમ્બર

(જે.સી.પારેખ)
ચેર પર્સન

નોંધ:

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો'૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(3) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯

Scanned by CamScanner